

# ભારતીય હોવું એટલે શું?

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી

એશિયામાં જ નહીં, આખાય વિશ્વમાં ભારતીય પ્રજા એની જીવનપધ્ધતિ માટે જાણીતી છે. ભારતીય સમાજવ્યવસ્થા, આસ્થા, ખોરાક, વસ્ત્રપરંપરા વગેરેને કારણે ભારત અને ભારતીય ઉપખંડ વિશ્વથી જરા જુદો પડે છે. આજકાલ ભારતનાં લોકોને અમેરિકા અને યુરોપનું ઘેલું લાગ્યું છે. હા એ ખરું કે ભારતના શાસકોએ કદી લોકોને પ્રાથમિક વ્યવસ્થા અને સુખાકારી પૂરી પાડી નથી. રાજાશાહી હોય કે લોકશાહી ભારતના વહીવટદારો અને શાસકોએ પોતાના વિચારો અને માન્યતાઓને જ મહત્ત્વ આપ્યું છે. અમુક શાસકોએ તો પોતાની માન્યતાઓને લોકો ઉપર ઠોકી બેસાડી છે. આવાં કારણો થકી લોકોને, ખાસ કરીને ભણેલાં લોકોને એવા દેશો ગમ્યા છે જ્યાં વ્યક્તિ સ્વાતંત્ર્યને મહત્ત્વ અપાતું હોય, જ્યાં સામૂહિક વ્યવસ્થાઓ મજબૂત હોય પણ તેથી આપણે આપણા દેશની વ્યવસ્થાઓને સાવ જ અવગણી દેવી? જાણે કે અહીં કોઈ વ્યવસ્થા જ નથી. ના, એવુંય બિલકુલ નથી. અહીં પણ મજબૂત વ્યવસ્થાઓ છે અને હજુ જીવે છે.

ભારતના કોઈ પણ ખૂણે જઈએ તો એકાદ મંદિર કે આસ્થાસ્થાન જોવા મળશે. એ આસ્થાસ્થાનો મોટાભાગના ડુંગરો ઉપર હશે, જ્યાં તળિયાનો ઘોંઘાટ કે મનની ગંદકી પહોંચે નહીં. આખાય ભારતમાં પર્વતો કે નાની ટેકરીઓ નાનાં મોટાં મંદિરોથી શોભતી રહી છે. અત્યાર સુધી મંદિરને માત્ર આસ્થાસ્થાન તરીકે જોવામાં આવતું હતું. એ સ્થાનને રાજકીય વિચારોથી મૂલવાયું નથી. જો કે છેલ્લાં કેટલાંક વર્ષોથી તમામ ધર્મના આસ્થાસ્થાનોને એ કયા ધર્મના છે તેવી નજરે જોવાય છે પરંતુ ભારતીય માણસ આસ્થાળુ છે. એ પોતાના ધર્મને જરૂર માનશે સાથે બીજા ધર્મનું અપમાન નહીં કરે (રાજકીય વિચારધારા જુદી હોઈ શકે છે). તો ભારતીય સંસ્કૃતિ એટલે શું? સંસ્કૃતિ જીવવાની ચીજ છે. તેને દેખાડા કરવાથી બતાવી ન શકાય. એ સંસ્કૃતિ સહજ હોય, એ કોઈને બતાવવાની ન હોય. એ વ્યવહારમાં, રોજબરોજના જીવનમાં ઝળકે. એ વસ્ત્રપરંપરા હોય કે ખોરાકમાં. ગીતોમાં હોય કે ભજનમાં, મૃત્યુ પ્રસંગોમાં હોય કે લગ્નના આનંદમાં. સંસ્કૃતિ ત્યારે જ દેખાય જ્યારે સમૂહ ભેગો થાય. સંસ્કૃતિને જોવાની હોય, સમજાવાની હોય, માણવાની હોય.

તારીખ ૧૬ સપ્ટેમ્બરે જ્યાં રણોત્સવ યોજાય છે એ જગ્યાએ જવાનું હતું. એ બાજુ કાળો ડુંગર પણ આવેલો છે. કાળો ડુંગર વર્ષોથી રણના રખોપાં કરતા અવિનાશી સાધુની જેમ બેઠો છે. એક તો ભારત પાકિસ્તાનની સીમા નજીકનું સ્થળ અને એ પણ રણમાં. ત્યાં કોણ જાય અને શા માટે જાય? વર્ષો સુધી આ વિસ્તારની વિશેષતાઓ લોકો સુધી ન પહોંચી. અરે કચ્છનાં લોકો પણ બન્ની અને રણપ્રદેશના લોકજીવન અને ખાસિયતોથી અજાણ હતા. ગુજરાતના પ્રવાસન વિભાગે રણોત્સવનું આયોજન કર્યું. ધીમે ધીમે રણોત્સવના જુદાં જુદાં સ્વરૂપો દેખાતાં ગયાં. દેશ અને વિદેશથી લોકો રણ તરફ આકર્ષાતા ગયા અને કચ્છનું સફેદ રણ બે દાયકામાં દુનિયાના ખૂણે ખૂણે ખ્યાતિ પામ્યું. રણોત્સવને કારણે જ બન્નીના લોકજીવનની ઝાંખી વિશ્વમાં પ્રસિધ્ધ થઈ. કલાકાર અને કસબીઓનો કસબ, માત્ર બન્નીમાં જ પડ્યો હતો તેને જગતે વખાણ્યું. તે સાથે વીસમી સદી સુધી માત્ર ભૂગોળનું એક સ્થળ હતું તે પ્રકાશમાં આવ્યું. વિજ્ઞાનના વિદ્યાર્થીઓ અને ભૂસ્તરશાસ્ત્રીઓને રસ પડ્યો તે છે કાળો ડુંગર. સમુદ્ર તળથી 448 મીટરની ઊંચાઈ ધરાવતો કાળો ડુંગર ખાસ કરીને તેના ચુંબકીય ખેંચાણને કારણે યુવાનોમાં બહુ લોકપ્રિય બન્યો. કાળા ડુંગર ચડતાં અમુક જગ્યાએ વિરુધ્ધ ગુરુત્વાકર્ષણનો અનુભવ થાય છે એવું કેટલાક વાહનચાલકોનું કહેવું છે. વિજ્ઞાન આને સમર્થન આપતું નથી. એ ડુંગર ઉપર ભગવાન દત્તાત્રેયનું મંદિર છે. આજુબાજુનાં ગામોનાં લોકો એને પચ્છમાઈ પીર કહે છે. બન્નીના પૂર્વભાગને પચ્છમ કહે છે. ત્યાં પ્રાંથડિયા આહીરજ્ઞાતિના માત્ર બે ગામ છે. તે પૈકી ખારી ગામનાં લોકો ભાદરવા મહિનામાં દત્તાત્રેયની પેડી કરે છે. ગામનાં બધા જ લોકો કાળા ડુંગર આવે, ભજનો ગાય. રાસ રમે, ભગવાન દત્તાત્રેયના દર્શન કરે અને એક દિવસનો આનંદ લૂટી ફરી પોતાના જીવનની રફતારમાં જોડાઈ જાય. અમે ગયા તે દિવસે આહિર લોકો ત્યાં આવ્યા હતા. કાળા ડુંગર ઉપર રંગોનો મેળો ભરાયો હતો. જુદી જુદી જગ્યા પર વાગતા ઢોલથી કાળા ડુંગરની કંદરાઓ ગાજી રહી હતી. કેટલાક મોટી ઉંમરના લોકો એકતારા અને સંતાર ઉપર ભજન ગાઈ રહ્યા હતા. ઉંમરલાયક સ્ત્રીઓ કોઈ જુદી જાતનાં ગીત ગાઈ રહી હતી. નાની ઉંમરની તરુણીઓ કુદરતની મજાને કુતૂહલથી જોઈ રહી હતી. યુવતીઓ ઢોલ ઉપર રમવામાં ખોવાઈ ગઈ હતી. એમના માટે એ સહજ હતું. કોઈને બતાવવા માટે નહીં. કેટલાક લોકો મંદિરોનો, આસ્થાસ્થાનોનો વિરોધ કરી રહ્યા છે. તેઓ ક્યારેક આવી જગ્યાએ આવીને જુએ કે એ મંદિરને કારણે જ સંસ્કૃતિ ઝળકી રહી હતી. સહજ રીતે જ. કોઈને બતાવવા માટે નહીં. કોણે શીખવ્યું એમને આવું કરવાનું? કોણે ભજનો ગાવાનું કે ગીતો ગાવાનું કહ્યું? બસ આ ભારત છે. આ આસ્થા છે. આ ભારતનાં લોકોનું જીવન છે.



# બાળક આપણને જોઈને શીખે માટે સજાગ રહેવું

**આપણી આસપાસ**
★ મિત્તલ પટેલ

''ટોપલામાં નવાં વાસણો મૂકીને મારી મા શહેરની ગલીઓમાં એ ખ્યાલાબેઈણીની બૂમો પાડતી. એ વખતે એની કાંખે બેઠા બેઠા આશ્ચર્યથી હું એને જોઈ રહેતો. મને તો આ બધું શેનું યાદ હોય પણ સમજણો થયો પછી મા આ બધું કહેતી. એણે મને કાંખમાં ઘાલી ધંધો કર્યો. બહેનો એને બોલાવતા ને જૂનાં કપડાં બતાવતાં, બદલામાં મા એને ટોપલામાંનું કયું નવું વાસણ આપી શકાશે એની વાત કરતી. ઘણી વખત પેલી બહેન અને મા વચ્ચે કપડાંના બદલામાં વધારે વાસણ આપવા બાબતે રકઝક પણ થતી. ક્યારેક મા રકઝક સામે ઝૂકી જઈને નક્કી કર્યા કરતાં વધારે વાસણ આપતી. ત્યારે મને લાગતું કે એણે આજે ખોટ ખાધી હશે પણ સાંજે એ ઘરે આવીને મારા બાપા સામે આજના દિવસે મળેલા નફાની વાત હોંશે હોંશે કરતી ત્યારે મને લાગતું મારી મામાં ધંધો કરવાની કુનેહ જબરી છે. એ કોઈથી છેતરાય એવી નહોતી. હું સમજણો થયો એટલે મને નિશાળમાં બેસાડ્યો. હવે મા મને એની સાથે ધંધે નહોતી લઈ જતી પણ ખરું કહું તો મારું ચિત્ત ભણતરમાં ચોંટતું જ નહીં. મેં ધીમે ધીમે શાળામાં જવાનું બંધ કર્યું. માને ખ્યાલ આવ્યો. એ ભણતરના મહત્ત્વને કાંઈ બહુ સમજતી નહીં એટલે એણે નિશાળ જવા બાબતે કોઈ જબરજસ્તી કરી નહીં. આમ પણ અમારા કુટુંબમાં કે સમાજમાં કાંઈ છોકરાં બહુ ભણતાં નહીં એટલે એ બાબતે એને વિચારોય ન આવતા. હું નાનો હતો ત્યારે કાંખમાં ઘાલી એ મને ધંધે લઈ જતી. થોડો મોટો થયો એટલે એની આંગળી પકડી એની હારે જતો. એ વખતે એની પાસેથી ધંધો કરવાની આવડત અજાણતા જ હું શીખ્યો.''

બાળક જન્મે ત્યારથી તેનું ઘડતર શરૂ થઈ જાય. જો કે મહાભારતમાં અભિમન્યુએ સુભદ્રાના ગર્ભમાં અભેદ્ય એવા ચક્રવ્યૂહમાં પ્રવેશવાની કળા શીખી. આમ શીખવાની - ઘડતરની પ્રક્રિયા માતાના ગર્ભમાંથી શરૂ જો કે બાળકને આપણે પ્રત્યક્ષ શીખવાડીએ એના કરતાં એ આપણને જોઈ જોઈને એટલે કે અપ્રત્યક્ષપણે ઘણું શીખે. મા- બાપના દરેક વર્તનની છાપ બાળકના ઘડતરમાં એકદમ ઊંડી પડે. અલબત બાળકનું ભવિષ્ય પણ આ બાબત પર નિર્ભર રહે એટલે જ કહે છે જીવનની કેટલી બધી બાબતોની આમ સામે બેસી તાલીમ આપવાની નથી હોતી પણ આપણે જે કરીએ તેમાંથી તે શીખે માટે જ આપણા દરેક વર્તન પ્રત્યે પણ સજાગ રહેવું. જાણીતા ચાઈલ્ડ સાયકોલોજિસ્ટ ચિક મૂરમેનના જણાવ્યા અનુસાર, ''ઘણી હદ સુધી બાળકોનું ભવિષ્ય તેમનાં માતા પિતાની ભાષા, વર્તન દ્વારા નક્કી કરવામાં આવે છે. બાળકમાં કેટલો આત્મવિશ્વાસ હશે, તેની શીખવાની ક્ષમતા કેવી હશે, તે કેટલા પ્રોડક્ટીવ અને સુરક્ષિત હશે. આ બધું માતાપિતાની કાર્યક્ષમતા અને વ્યવહાર પરથી નક્કી થાય છે.'' આ વાત માની કાંખમાંથી ધંધો શીખ્યાની વાત કરનાર સંતરામપુરના મરુવાડા ગામમાં રહેતા અનિલભાઈના કિસ્સામાં એકદમ સાચી ઠરેલી જોઈ. અનિલભાઈ અને તેમના ભાઈ અમિતભાઈ બેય સમજણા થયા પછી મા-બાપે એમને કામધંધે વળગવા કહ્યું, બેયની ઈચ્છા પોતાની રીતે સ્વતંત્ર ધંધો કરવાની પણ ધંધા ગોઠવી આપવા જેટલી મૂડી મા-બાપ પાસે નહીં. એમણે કહ્યું, ''જાતે કમાઈને ભેગું કરો ને પછી જે યોગ્ય લાગે તે ધંધો કરો.'' બેય ભાઈએ મજૂરી કરીને લારી ને લારી પર વેચવાનો પ્લાસ્ટિકનો સામાન ખરીદ્યો. સંતરામપુરની બજારમાં એમણે ધંધો શરૂ કર્યો. બેયને કેટલો નફો ચડાવી સામાન વેચવાનો એવું કશુંયે શીખવવું ન પડ્યું. થોડા સમયમાં ધંધો બરાબર આવડી ગયો પણ આ ધંધામાં રોજે રોજ ખાઈ શકાય એટલું નીકળે. એમને છાપરામાં નહોતું રહેવું. પોતાનું ઘર, દુકાન ને બાળકોને સારું શિક્ષણ આપવાની એમની ખેવના માટે ઝાઝા પૈસા કમાવા પડે એ વાત એ સમજ્યા. ત્રણેક વર્ષ પહેલાં અમારા પરિચયમાં આવ્યા એટલે અમે એમને ધંધો વધારવા લોન આપી. એમણે લારી પર સામાન વધાર્યો. બજારમાં બેઠા ધંધાની સાથે જે દિવસે ગ્રાહકો ઓછા મળે તે દિવસે સંતરામપુરની ગલીઓમાં એ ધંધો કરવા ઊપડી જતા. બચત થવા માંડી. અમારી પાસેથી પણ ક્રમશઃ લોન લેતા ગયા. લગભગ ત્રણેક વર્ષ પછી જ્યારે એમને મળી તો બેઉ ભાઈએ પોતાનું વાહન ખરીદી લીધેલું. હવે એ વાહનમાં સામાન લઈને ગામડે ગામડે ફરીને ધંધો કરે. બેઉના વાહનમાં પણ લગભગ એકાદ લાખનો સામાન ભરેલો. સંતરામપુર છોડીને મરુવાડા ગામમાં એ રહેવા આવ્યા. આવું કરવાનું કારણ સમજાવતા એમણે કહ્યું, ''લગ્ન થયા, બાળકો થયાં. છાપરામાં ક્યાં સુધી રહેવાનું? સંતરામપુરમાં ભાડાના મકાનમાં ગયા પણ ભાડું મોંઘું પડે. વળી અમે હવે ગામડે ફરી ફરીને ધંધો કરીએ એટલે શહેરમાં રહેવું જરૂરી નહોતું. મરુવાડામાં ઓછા ભાડે ઘર મળ્યું. અહીંની નિશાળ સારી એટલે છોકરાઓને એમાં દાખલ કર્યા. શહેર કરતાં ઓછા ખર્ચમાં ગામમાં જિંદગી જીવાય.''

કેવી સરસ સમજણ. બે ભાઈઓની મહેતન જબરી. આમ પણ કહે છે મહેનત એવી સોનાની ચાવી છે જેનાથી ભાગ્યનાં દ્વાર ખૂલી જાય. અનિલભાઈ અને અમિતભાઈના ભાગ્યનાં દ્વાર પણ જાણે ખૂલ્યાં. જીવનમાં શું મેળવવું છે એનું સ્વપ્ન એમણે જોઈ લીધું ને એ સ્વપ્ન સુધી પહોંચવા એમણે કમર કસી છે. અનિલભાઈ કહે છે, ''જીવનનો એક મંત્ર, હું ક્યારેય ખોટું નહીં કરુ. ધંધામાં પણ હક પૂરતો જ નફો લઈશ. વધારે મેળવવાની લાલસા નહીં રાખું ને સૌથી અગત્યનું આ ધંધામાં તમે મદદ કરી છે તો તમારું નામ નહીં ડુબાડું. બસ શ્રદ્ધા રાખજો ને અમારી હારે રહેજો. તમને ગર્વ થાય એવા બનીને બતાવીશું.''

તેમની આ લાગણી સામે નતમસ્તક થઈ જવાયું. ક્યાંક વાંચેલું શ્રેષ્ઠ મેળવવાની આકાંક્ષા રાખવામાં ખંચકાટ ન અનુભવો, કદી આપણી પાત્રતાને ઓછી ન આંકો, અધિકારપૂર્વક તમને જે જોઈએ એનું સ્વપ્ન જુઓ અને એ માટે મથો. અનિલભાઈ, અમિતભાઈ આ મુજબ જીવે એટલે જ નાના પાયે શરૂ કરેલા વેપારમાંથી આજે આ તબક્કે પહોંચ્યા. બેઉ ભાઈ પોતાના નક્કી કરેલા સિદ્ધાંતથી આગળ વધશે તો સફળતા એમના પગ ચૂમશે એ નક્કી.